નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ
હેઠળના સંયુક્ત નિયામક (વર્ગ-૧) સંવર્ગની
કેડર સ્ટ્રેન્થ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક: SJED/EOD/e-file/17/2025/1250/A Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૭/૨૦૨૫

**વંચાણે લીધા:**

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા.૦૭/૧૧/૧૯૯૦નો ઠરાવ ક્રમાંક: સ્રશપ/૧૧૯૦/૬૩(૧)/અ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૬/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/EOD/E- file/17/2024/2422/A section

૩. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧/૨૦૦૯અને તા.૩૦/૦૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: એસએનઆર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/ગ.૫

૪. સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧/(૧)/ ગ.૫.

**આમુખ:**

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીમાં સંયુક્ત નિયામક (વર્ગ-૧) સંવર્ગની ૦૧ જગ્યા મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી સને ૨૦૨૫-૨૬ના બજેટમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની નાયબ નિયામક (વર્ગ-૧) સમકક્ષ મેનેજીંગ ડીરેક્ટરની જગ્યા રદ કરી તેને સ્થાને સંયુક્ત નિયામક (વર્ગ-૧) સમકક્ષ મેનેજીંગ ડીરેક્ટરની જગ્યા ઉભી કરવામાં આવેલ છે. આ નવી ઉભી થયેલ ૦૧ જગ્યા હયાત ૦૧ જગ્યામાં ઉમેરી, સંયુક્ત નિયામક, વર્ગ-૧નું સંખ્યાબળ નિયત કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના સંયુક્ત નિયામક (વર્ગ-૧) સંવર્ગનું સંખ્યાબળ (Cadre Strength) ૦૨ (બે) નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪) ના ઠરાવથી પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવા અંગેની સ્વયંસ્પષ્ટ સૂચનાઓ ધ્યાને લઇ સંયુક્ત નિયામક, વર્ગ-૧ સંવર્ગની પ્રવરતા ગોઠવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૦૫/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર

માન. રા. ક. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

સેક્શન અધિકારી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...

શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૫

Signature valid

Signed by:Kalpna V Rana
Under Secretary
Date:2025.07.08
16:20:25 +5:30